# પ્રસાર ભારતી
# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 26-06-2024 સાંજે : 7.50 થી 8.00

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

---

- ✓ ઓમ બિરલા લોકસભાના અધ્યક્ષપદે ધ્વનિમતથી પુનઃ ચૂંટાયા
- ✓ અમરનાથ યાત્રા માટે ઓફલાઈન રજીસ્ટ્રેશનનો પ્રારંભ
- ✓ જમ્મુ-કાશ્મીરમાં સલામતી દળો સાથેની અથડામણમાં ત્રણ ત્રાસવાદી ઠાર
- ✓ ગુજરાત સહિતનાં અનેક રાજ્યોમાં બાકીનાં ભાગોમાં નૈઋત્યનું ચોમાસુ વધુ આગળ ધપવાની હવામાન ખાતાની આગાહી
- ✓ કેન્યામાં હિંસક દેખાવોને પગલે ભારતે પોતાનાં નાગરિકો માટે એડવાઇઝરી જારી કરી
- ✓ આઇસીસી ટી 20 વિશ્વકપમાં આવતી કાલે અફઘાનિસ્તાન-દક્ષિણ આફ્રિકા તથા ભારત-ઇંગલેન્ડ વચ્ચે સેમિફાઇનલ

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## LOKSABHA SPEAKER

**ભાજપના વરિષ્ઠ સાંસદ ઓમ બિરલાને આજે 18મી લોકસભાના અધ્યક્ષપદે બીજી વાર ચૂંટવામાં આવ્યા છે. આ હોદ્દા માટે કોંગ્રેસના સાંસદ કે સુરેશને મેદાનમાં ઉતારનાર વિરોધ પક્ષોએ ગૃહમાં મતદાનની માંગણી ન કરતા શ્રી બિરલા ધ્વનિમતથી ચૂંટાયા હતા.**

**ચૂંટાયા બાદ શ્રી બિરલાને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજૂ અધ્યક્ષની ખુરશી સુધી દોરી ગયા હતા. અગાઉ ગૃહના પ્રારંભ બાદ શ્રી મોદી અને એનડીએનાં 12 નેતાઓએ શ્રી બિરલાને અધ્યક્ષપદે ચૂંટવા પ્રસ્તાર રજૂ કર્યો હતો. વિરોધ પક્ષ તરફથી શિવસેના (યુબીટી)ના નેતા અરવિંદ સાવંત, એનસીપી**

(શરદ પવાર)ના સુપ્રિયા સુળે અને સમાજવાદી પાર્ટીના આનંદ ભદોરિયાએ કે સુરેશની તરફેણમાં પ્રસ્તાવ રજૂ કર્યા હતા.

પોતાના સંબોધનમાં શ્રી બિરલાએ ફરી એક વાર ગૃહનાં અધ્યક્ષ તરીકે કામ કરવાની તક આપવા બદલ ગૃહનાં તમામ સભ્યોનો આભાર માન્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, સંસદનાં મૂલ્યો અને લોકશાહીની પરંપરાને સમૃધ્ધ કરવાની તેમની પ્રાથમિકતા રહેશે.

આ અંગે તેમણે વધુમાં જણાવ્યું કે,

(Byte... Om Birla)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રી બિરલાને અધ્યક્ષ તરીકે ચૂંટાવા બદલ અભિનંદન આપતા જણાવ્યું હતું કે, બીજી વાર શ્રી બિરલાની પુનઃ ચૂંટણી સાથે ઇતિહાસ રચાયો છે. તેમણે જણાવ્યું કે, આ ગૃહ આગામી પાંચ વર્ષમાં તેમનાં માર્ગદર્શન હેઠળ કામ કરશે. સાંસદ તરીકે શ્રી બિરલાની કામગીરી નવા સભ્યો માટે પ્રેરણા હોવી જોઇએ.

વિરોધ પક્ષનાં નેતા રાહુલ ગાંધીએ પણ શ્રી બિરલાને અભિનંદન આપતા જણાવ્યું કે, આ ગૃહ લોકોની અપેક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે શ્રી બિરલાને ગૃહનાં સરળ સંચાલન માટે વિરોધ પક્ષોનાં સમર્થનની ખાતરી આપી હતી. તેમણે જણાવ્યું કે, વિશ્વાસનાં આધારે સહકાર અપાય છે અને વિરોધ પક્ષને તેમનો અભિપ્રાય રજૂ કરવા દેવો જોઇએ.

સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવે આશા વ્યક્ત કરી હતી કે વિરોધ પક્ષોને પોતાનો અવાજ રજૂ કરવા પૂરતો સમય આપવામાં આવશે. ટીએમસીના નેતા સુદીપ બંદોપાધ્યાયે 17મી લોકસભામાં વિરોધપક્ષોનાં સાંસદોનાં સસ્પેન્શનનો મુદ્દો ઉઠાવ્યો હતો.

સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા શ્રી રિજિજૂએ જણાવ્યું કે, સરકાર મતોનું વિભાજન કરવા માંગતી હતી પણ વિરોધ પક્ષોએ અધ્યક્ષપદની ચૂંટણી માટે ધ્વનિ મત દરમિયાન ઔપચારિક માંગણી કરી નહોતી.

ટીએમસીના સાંસદો કલ્યાણ બેનરજી અને અભિષેક બેનરજીએ આક્ષેપ કર્યો હતો કે કાર્યકારી અધ્યક્ષ ભર્તુહરિ મહતાબે મત વિભાજનની વિપક્ષોની માંગણી સ્વીકારી નહોતી.

## LOKSABHA -PROCEEDINGS

લોકસભાના અધ્યક્ષપદે પુનઃ ચૂંટાયા બાદ ઓમ બિરલાએ 25 જૂન, 1975નાં રોજ દેશમાં લાદવામાં આવેલી કટોકટીનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે ગૃહ કટોકટીને ભારપૂર્વક

વખોડી કાઢે છે. શ્રી બિરલાએ જણાવ્યું કે, કટોકટીના દિવસને ભારતનાં ઇતિહાસમાં કાળા પ્રકરણ તરીકે હંમેશા યાદ રાખવામાં આવશે.

શ્રી બિરલા આ નિવેદન કરી રહ્યા હતા ત્યારે કોંગ્રેસે સરકાર વિરુધ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો. વિપક્ષી સાંસદોએ સરકાર પર બંધારણનું અપમાન કરવાનો આરોપ મૂક્યો હતો. કટોકટીમાં જીવ ગુમાવનારાઓનાં માનમાં ગૃહે બે મિનિટનું મૌન પણ પાળ્યું હતું. ગૃહે કટોકટી લાદવા સામે ઠરાવ પસાર કર્યો હતો. બાદમાં ગૃહને દિવસ માટે મોકૂફ રાખવામાં આવ્યું હતું.

દરમિયાન, સોશિયલ મિડીયા પોસ્ટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, તેમને એ વાતની ખુશી છે કે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ કટોકટીની આકરી ટીકા કરી અને એ સમયે આચરવામાં આવેલા અત્યાચાર પર પ્રકાશ પાડ્યો.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, 50 વર્ષ પહેલાં કટોકટી લાદવામાં આવી હતી પણ આજના યુવાનો માટે તેનાં વિશે જાણવું જરૂરી છે કારણ કે બંધારણને કચડી નાખવામાં આવે ત્યારે શું થાય છે શું થાય છે તેનું તે સજ્જડ ઉદાહરણ છે.

દરમિયાન, શાસક એનડીએના સાંસદોએ કટોકટીનાં વિરોધમાં આજે સંસદની બહાર દેખાવો કર્યા હતા. સાંસદોએ માગણી કરી હતી કે ભૂતપુર્વ પ્રધાનમંત્રી ઇન્દિરા ગાંધીએ 1975માં લાદેલી કટોકટી બદલ કોંગ્રેસે માફી માંગવી જોઇએ.

## AMARNATH REGISTRATION

અમરનાથ યાત્રા માટે ઓફલાઈન રજીસ્ટ્રેશન પણ શરૂ થઈ ગયું છે. આજે સવારે રજીસ્ટ્રેશન સ્થળ પર યાત્રાળુઓની ભારે ભીડ જોવા મળી હતી. દક્ષિણ જમ્મુના એસડીએમ મનુ હંસાએ કહ્યું કે," સરસ્વતી ધામ ટોકન સેન્ટરથી અમરનાથ યાત્રીઓને ઑફલાઇન ટોકન આપવામાં આવી રહ્યા છે. તેના આધારે રજીસ્ટ્રેશન કરવામાં આવે છે અને તે નક્કી કરવામાં આવે છે કે તેઓ કયા દિવસે આગળ મુસાફરી કરશે. ત્રણ ઑફલાઇન નોંધણી કેન્દ્રો છે."

તેમણે જણાવ્યું કે," 27 જૂને 1000 લોકો રજીસ્ટ્રેશન માટે કોટા આવ્યા છે. આ લોકો 29 જૂને યાત્રા કરશે. 13 વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને 70 વર્ષથી વધુ ઉંમરના લોકોને મુસાફરી કરવાની મંજૂરી નથી."

ઉલ્લેખનીય છે કે, અમરનાથ મંદિરની વાર્ષિક યાત્રા 29 જૂનથી શરૂ થશે અને 19 ઓગસ્ટે પૂર્ણ થશે.

# *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## KASHMIR TERRORIST

જમ્મુ કાશ્મીરનાં ડોડા જિલ્લામાં આજે સલામતી દળો સાથેની અથડામણમાં ત્રણ ત્રાસવાદી માર્યા ગયા હતા. આકાશવાણીના જમ્મુ પ્રતિનિધીએ જણાવ્યુ હતું કે, આજે સવારે 9-50 કલાકે પર્વતીય ડોડા જિલ્લાનાં બજાડ ગામમાં ગોળીબાર શરૂ થયો હતો.

એક કાચા મકાનમાં છુપાયેલા ત્રાસવાદીઓએ ભારે ગોળીબાર કરતા પોલિસે સલામતી દળોની મદદથી અભિયાન શરૂ કર્યું હતું, જેમાં વળતા ગોળીબારમાં એક ત્રાસવાદીનું મૃત્યુ થયુ હતું. બપોર પછી વધુ બે ત્રાસવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા. ઘટના સ્થળેથી ત્રણેય ત્રાસવાદીઓનાં મૃતદેહો અને શસ્ત્ર સરંજામ મળી આવ્યા છે.

## IMD-WEATHER

ઉત્તર અરબી સમુદ્ર, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને બિહારનાં બાકીનાં ભાગો અને ઉત્તર ભારતનાં મોટાં ભાગનાં વિસ્તારોમાં નૈઋત્યનું ચોમાસુ વધુ આગળ ધપવાની સાનુકુળ સ્થિતિ છે. હવામાન વિભાગે જણાવ્યું છે કે, આવતી કાલ સુધી કોંકણ, ગોવા, તટીય કર્ણાટક, કેરળ અને તામિલનાડુમાં અતિ ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે. આગામી ત્રણ ચાર દિવસ સુધી પશ્ચિમ બંગાળ, સિક્કીમ, બિહાર અને ઓડિશામાં પણ ભારે વરસાદ રહેસે.

હવામાન વિભાગે કેરળનાં સાત જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદ માટેનું ઓરેન્જ એલર્ટ જારી કર્યું છે. આજે રાજધાની દિલ્હીમાં વરસાદ પડતાં લોકોએ ગરમીથી રાહતનો અનુભવ કર્યો હતો.

## KENYA VIOLENCE ADVISORY

કેન્યામાં સરકારે કરમાં વધારો કરતા હિંસક દેખાવો થઈ રહ્યા છે. સંસદ ભવન પર દેખાવકારોનાં હુમલા બાદની પોલીસ કાર્યવાહીમાં પાંચ વ્યક્તિનાં મૃત્યુ થયા છે અને 150થી વધુને ઇજા થઈ છે.

સ્થિતિની ગંભીરતા જોતા ભારતે પોતાનાં નાગરિકો માટે એડવાઇઝરી જારી કરી છે. કેન્યામાં ભારતીય વાણિજ્ય દૂતાવાસે સોશિયલ મિડિયા પ્લેટફોર્મ એક્સ પર આપેલી સલાહમા જણાવ્યું છે કે, “વર્તમાન તંગદિલીની સ્થિતિને જોતાં કેન્યામાં રહેતા તમામ ભારતીયો હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન અત્યંત સાવધાની રાખે અને જરૂર ન હોય ત્યાં સુધી ઘરની બહાર ન નીકળે અને સ્થિતિ શાંત થાય ત્યાં સુધી વિરોધ અને હિંસાથી અસરગ્રસ્ત વિસ્તારોમાં જવાનું ટાળે.”

વિશ્વના અનેક દેશોએ કેન્યામાં થઈ રહેલા આ સંઘર્ષ વિશે ચિંતા વ્યક્ત કરતા લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે.

## ICC T 20 SEMI-FINAL

આઇસીસી ટી 20 વિશ્વકપમાં આવતી કાલે સવારે છ કલાકે અફઘાનિસ્તાન અને દક્ષિણ આફ્રિકા વચ્ચે પોર્ટ ઓફ સ્પેન, ત્રિનિદાદ ખાતે સેમિ-ફાઇનલ રમાશે. અફઘાનિસ્તાન આ ટુર્નામેન્ટમાં ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમોને હરાવીને પ્રથમ વાર આઇસીસીની મોટી સ્પર્ધામાં સેમિ ફાઇનલમાં પ્રવેશ્યું છે.

ટુર્નામેન્ટની બીજી સેમિ ફાઇનલ આવતી કાલે રાત્રે આઠ કલાકે ભારત અને વર્તમાન ચેમ્પિયન ઇંગલેન્ડ વચ્ચે રમાશે.

## SWIMMING-OLYMPIC QUOTA

સ્વિમિંગમાં ભારતના યુવા પ્રતિભાશાળી મહિલા ખેલાડી ધીનિધી દેસિંઘુ અને અનુભવી ખેલાડી શ્રીહરિ નટરાજ 2024નાં પેરિસ ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય થયા છે. ભારતીય સ્વિમિંગ ફેડરેશને આ અંગેની જાહેરાત કરી હતી. 14 વર્ષીય ધિનિધી પેરિસ ઓલિમ્પિક્સમાં ભાગ લેનાર ભારતની સૌથી યુવા રમતવીર બની છે. તેઓ 200 મીટર ફ્રીસ્ટાઇલમાં રાષ્ટ્રીય વિક્રમ ધરાવે છે. શ્રી હરિ નટરાજ પણ 100 મીટર બેકસ્ટ્રોક વિભાગમાં સુવર્ણચંદ્રક જીતી ચૂક્યા છે.

## RAM TEMPLE

અયોધ્યામાં સમગ્ર રામ મંદિર પરિસરનું નિર્માણ માર્ચ 2025 સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે, જ્યારે મંદિરનો પ્રથમ માળ જુલાઇના અંત અને બીજો માળ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ થશે એમ રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું.